Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક:એસ/પરિપત્ર/૨૪૩૦૧/૨૦૨૩
તા.૨૧/૦૯/૨૦૨૩

પ્રતિ,
કો–ઓર્ડિનેટરશ્રી,
IAS/IPS તથા અન્ય સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**વિષય:–** M.A.Hindu Studies સેમેસ્ટર–૩ નાં જનજાતીય પરંપરાનાં વિષયના નામ બાબત.

મહાશય,

સવિનય જણાવવાનુ કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.A. Hindu Studies સેમેસ્ટર–૩ નાં જનજાતીય પરંપરાનાં વિષયના અભ્યાસક્રમ એમ.એ હિન્દુ સ્ટડીઝ વિષયની એડહોક અભ્યાસ સમિતિએ તા.૫/૦૯/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાનાં કાર્યકારી અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૦૯/૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક:૧૬ અન્વયે સ્વીકારી મંજૂર કરેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે.

**એમ.એ હિન્દુ સ્ટડીઝ વિષયની એડહોક અભ્યાસ સમિતિએ તા.૦૫/૦૯/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે,સેમેસ્ટર–૩ ના અભ્યાસક્રમમાં જનજાતીય પરંપરાનાં વિષયના અભ્યાસક્રમને તેની નિમાયેલ અભ્યાસ સમિતિદ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેને તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. આ વિષયને અંગ્રેજીમાં " સનાતન ધર્મ ઈન ટ્રાયબલ ટ્રેડીશન " તથા ગુજરાતીમાં " જનજાતીય પરંપરાઓમાં સનાતન ધર્મ " તરીકે મંજૂર કરી તે મંજૂર કરવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૦૯/૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક:૧૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર M.A. Hindu Studies સેમેસ્ટર–૩ નાં જનજાતીય પરંપરાનાં વિષયના અભ્યાસક્રમ એમ.એ હિન્દુ સ્ટડીઝ વિષયની એડહોક અભ્યાસ સમિતિએ તા.૫/૦૯/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૨ અન્વયે ઉપરોક્ત મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાનાં કાર્યકારી અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

કુલસચિવ

પ્રતિ,
૧) કાર્યકારી અધ્યક્ષશ્રી,વિનયન વિદ્યાશાખા.
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.